# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો
# શ્રી સમયસાર ગાથા ૨૦૧-૨૦૨
# અમદાવાદ, તા. ૨૧/૧૧/૧૯૮૯
# પ્રવચન LA243

આ શ્રી સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. એનો નિર્જરા અધિકાર ગાથા ૨૦૧ અને ૨૦૨. પાનું ૩૧૫ છે.

**'હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે રાગી (જીવ) કેમ સમ્યગ્દ્રષ્ટિ ન હોય?'** અમને તો સમ્યગ્દ્રષ્ટિની અવસ્થામાં પણ રાગ થતો જોઈએ છીએ. પાંચ મહાવ્રતના પરિણામ. પછી જે દેશવ્રતના પરિણામ એની નીચે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ. સમ્યગ્દ્રષ્ટિને દશામાં રાગ થાય છે એમ જોઈએ છીએ. તો પછી રાગી જીવ હોય, એને સમ્યગ્દ્રષ્ટિ કેમ કહેવાય? એવો શિષ્યનો પ્રશ્ન છે. સમજવા માટે. સમ્યગ્દ્રષ્ટિ તો કહેવાય, પણ મારે સમજવું છે. રાગ હોય છતાં સમ્યગ્દ્રષ્ટિ એને કેમ કહેવાય?

એનો ઉત્તર બે ગાથા છે. હવે ગાથા એક સાથે બધા બોલો.

**અણુમાત્ર પણ રાગાદિનો સદ્ભાવ વર્તે જેહને,**
**તે સર્વઆગમધર ભલે પણ જાણતો નહીં આત્મને; ૨૦૧.**
**નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,**
**તે કેમ હોય સુદ્રષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો? ૨૦૨.**

પ્રશ્ન એમ છે કે જો એ રાગી હોય, તે જીવ છે, તો એ સમ્યગ્દ્રષ્ટિ કેમ હોય શકે? રાગ એની દશામાં હોવો જ ન જોઈએ. એની પર્યાયમાં પણ રાગ વયો જાય તો તો સમ્યગ્દ્રષ્ટિ કહેવાય. પણ તેની પર્યાયમાં પાંચ મહાવ્રતના પરિણામ દેખાય છે. નીચે અગિયાર પડિમાના વિકલ્પો ઉત્પન્ન થાય છે એ દેખાય છે. એની નીચે ચોથા ગુણસ્થાને સમ્યગ્દ્રષ્ટિને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ આવે છે, આવતો દેખાય છે. તો રાગી છે અને વળી તમે કહો છો સમ્યગ્દ્રષ્ટિ. એ શું? તો એના ઉત્તરરૂપ ગાથા કહે છે.

**'ટીકા :- જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્ભાવ છે'.** રાગના બે પ્રકાર. એક અસ્થિરતાનો રાગ અને એક અજ્ઞાનમય રાગ. એટલે રાગને જે પોતાનું માને એવો રાગી સમ્યગ્દ્રષ્ટિ નથી. રાગને પરાયો ભાવ જાણે છે, વિભાવ છે, મારો સ્વભાવ નથી એને આત્મામાં નાસ્તિપણે જાણે છે. એને આત્મામાં એ અસ્તિ છે રાગની એમ જાણતો નથી.

જ્ઞાનની અસ્તિ છે ને રાગની નાસ્તિ છે. આત્મજ્ઞાનની આત્મામાં અસ્તિ છે. અને રાગાદિની આત્મામાં નાસ્તિ છે અને આત્મજ્ઞાનમાં પણ રાગની નાસ્તિ છે. એટલે રાગી છે તે જીવ ન હોય. જ્ઞાની હોય તે જ જીવ અને સમ્યગ્દ્રષ્ટિ હોય. તો અહીંયા કહે છે કે **'રાગાદિ અજ્ઞાનમય ભાવો,'** મિથ્યાત્વ, લેશમાત્ર પણ મિથ્યાત્વ નથી. સમ્યગ્દ્રષ્ટિને મિથ્યાત્વનો રાગ હોતો નથી. રાગ, રાગમાં મોટો ફેર છે.

**જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્‌ભાવ છે.** નાનામાં નાનો મિથ્યાત્વનો રાગ, રાગના બે પ્રકાર. શ્રધ્ધાના દોષને પણ રાગ કહેવાય અને ચારિત્રના દોષને પણ રાગ કહેવાય. રાગ નામ એક, નામ રાગ, પણ એક શ્રધ્ધાની વિપરીત પર્યાય મિથ્યાત્વ, પાપના પરિણામ એ પણ રાગ છે. અને ચારિત્રની દશામાં શુભાશુભ ભાવ થાય એને પણ રાગ કહેવાય. રાગ રાગમાં મોટો ફેર છે. સમ્યગ્દ્રષ્ટિને લેશમાત્ર એની દશામાં રાગ નથી એટલે કે મિથ્યાત્વનો કણિયો બિલકુલ નથી. અજ્ઞાનમય રાગ નથી. અસ્થિરતાનો રાગ ભલે હોય પણ જ્ઞાનના જ્ઞેયમાં જાય છે. કર્તાના કર્મમાં જતું નથી.

**'જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્‌ભાવ છે,'** અજ્ઞાન અને મિથ્યાત્વનો જરાક પણ સદ્‌ભાવ છે. સમ્યગ્દર્શન જરાય નથી. સમ્યગ્દર્શન જરાય નથી. અને મિથ્યાત્વ જરાક રહી જાય છે. થોડુંક. ..થોડું પણ. મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે કે મિથ્યાત્વનો નાનામાં નાનો કણિયો પણ બૂરો છે એ આ.

કહે છે કે જરાપણ જો રાગ રહી ગયો મિથ્યાત્વનો, તો '**ભલે શ્રુતકેવળી જેવો હો'.** શ્રુતકેવળી નથી થયો. કેવળી તો છે જ નહીં. પણ શ્રુતકેવળી પણ નથી. કેમકે એ શ્રુતજ્ઞાન વડે આત્માને જાણતો નથી માટે શ્રુતકેવળી નથી. પણ શ્રુતકેવળી જેવો દેખાય શાસ્ત્રપાઠી. તો **'શ્રુતકેવળી જેવો હો તો પણ જ્ઞાનમય ભાવના અભાવને લીધે'.** અજ્ઞાનમય ભાવના સદ્‌ભાવને લીધે અને જ્ઞાનમય ભાવના અભાવને લીધે. આત્માનું તો જ્ઞાન છે નહીં. શાસ્ત્રજ્ઞાન.. એને પોતાનું માને છે. મિથ્યાત્વ છે. શાસ્ત્રનું જ્ઞાન હોય જ નહીં. જ્ઞાન શાસ્ત્રથી થાય નહીં. અને જ્ઞાન શાસ્ત્રનું પણ ન હોય. અને જ્ઞાન શાસ્ત્રને પ્રસિધ્ધ ન કરે. જ્ઞાન તો એને કહેવાય કે આત્માનું જ્ઞાન તેને જ્ઞાન (કહેવાય). કે જે જ્ઞાન આત્માને પ્રસિધ્ધ કરે છે એને જ્ઞાન કહેવામાં આવે છે. એવા આત્મજ્ઞાનના અભાવને લીધે, અનુભવ જ્ઞાનના અભાવને લીધે, અતીન્દ્રિયજ્ઞાનના અભાવને લીધે, સ્વસંવેદન જ્ઞાનના અભાવને લીધે **આત્માને નથી જાણતો**. આહાહા!

રાગનો સદ્‌ભાવ છે. અજ્ઞાનમય ભાવ છે. અને જ્ઞાનમય ભાવનો અભાવ છે. તેથી તે આત્માને જાણતો નથી માટે તેને મિથ્યાદ્રષ્ટિ કહેવામાં આવે છે. હવે એનું સ્વરૂપ, આપણે જરા સહેલું કરીને સમજીએ.

કે આ આત્મજ્ઞાન શું? અને શાસ્ત્રજ્ઞાન શું? અને જ્ઞાન ગુણ (શું)? આત્મજ્ઞાન શું? શાસ્ત્રજ્ઞાન શું? અને જ્ઞાન ગુણ. ત્રણ પ્રકાર છે. જ્ઞાન એને કહેવાય. જો શાસ્ત્રજ્ઞાન અને આત્મજ્ઞાન હમણાં કાંઈ લક્ષમાં ન લેતા. શાસ્ત્રજ્ઞાન થાય છે કે આત્મજ્ઞાન થાય છે. ખરેખર શાસ્ત્રજ્ઞાનેય થતું નથી ને આત્મજ્ઞાન થતું નથી. જ્ઞાન પ્રગટ થાય છે. દરેક જીવને. **'સામાન્ય ઉપયોગ લક્ષણમ્'** જ્ઞાન પ્રગટ થાય છે પ્રત્યેક જીવને. એકેન્દ્રિય હોય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચાર ઈન્દ્રિય, પંચેન્દ્રિય. છઠ્ઠું મન બધાને. ઉપયોગ લક્ષણ જે છે પ્રગટ. સદા ઉપયોગમય આત્મા છે. એકલો રાગ પ્રગટ થાય અને ઉપયોગ પ્રગટ ન થાય તો જડ થઈ જાય. અને એકલો ઉપયોગ પ્રગટ થાય અને રાગ પ્રગટ ન થાય તો તો સિધ્ધ હોવો જોઈએ. પણ રાગ અને જ્ઞાન એકસાથે પ્રગટ થાય છે, પણ ભિન્ન ભિન્ન પ્રગટ થાય છે. એ એક થઈને પ્રગટ થતા નથી. જ્ઞાનમાં રાગ નથી ને રાગમાં જ્ઞાન નથી. જ્ઞાનના કારણે રાગની

ઉત્પત્તિ નથી અને રાગ ઉત્પન્ન થાય છે માટે જ્ઞાન ઉત્પન્ન થાય છે એમ છે નહીં. એક અપેક્ષાએ આત્મા છે માટે ઉપયોગ ઉત્પન્ન થતો નથી. ઉપયોગ તો ઉપયોગથી ઉત્પન્ન થાય છે. એ સ્વત: નિરપેક્ષ પર્યાય છે.

ઉપયોગ પ્રગટ થાય છે ત્યારે કાંતો એ ઇન્દ્રિયજ્ઞાનમાં કન્વર્ટ કરી નાખે અને કાં અતીન્દ્રિય જ્ઞાનમાં કન્વર્ટ કરે. સમય એક છે. ઊપજવાનો સમય એક છે. એ વખતે એને એમ ખ્યાલમાં લ્યે કે મને પર જણાય છે, તો ઇન્દ્રિયજ્ઞાન ઇઝ ઇક્વલ ટુ (=) અજ્ઞાન. વ્યવહાર જ્ઞાન નહીં. અને જો એ ઉપયોગ પ્રગટ થાય છે ત્યારે એમ ખ્યાલમાં લ્યે કે ઓહો! આ વર્તમાન ઉપયોગમાં તો મને જ્ઞાયક આત્મા, આબાળ ગોપાલ સૌને જણાય છે તો હું પણ બાળ ગોપાળમાં આવી ગયો. તો મને પણ વર્તમાન વર્તતા ઉપયોગમાં આત્મા જણાય જ છે. એને ન જણાતું હોય તો પણ જણાયા કરે. એ ન સ્વીકાર કરે, તો તેથી જ્ઞાયક તેમાં ન જણાય, અને જ્ઞાન એને ન જાણે, જ્ઞાન જાણવાની ક્રિયા બંધ કરી દયે અને જ્ઞાયક એમાં જણાવાની ક્રિયા (બંધ કરી દયે) જ્ઞાયકમાં જ્ઞેયત્વનો નાશ ન થાય. અને જ્ઞાનમાં જ્ઞાનત્વનો નાશ ન થાય. આ સ્થિતિ છે. સામાન્ય જ્ઞાન ઉપયોગની.

હજી સમ્યક્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનની વાર છે, થોડીક. અત્યારે તો આહાહા! પછી કેમ મિથ્યાજ્ઞાન કહેવાય અને કેમ સમ્યક્જ્ઞાન કહેવાય એ આમાંથી ને આમાંથી હમણાં નીકળશે.

જ્ઞાન પ્રગટ થાય છે પ્રત્યેક જીવને. સદા ઉપયોગ લક્ષણ જીવ છે. એ ઉપયોગમાં જો એમ ખ્યાલ આવે, પોતાથી ખ્યાલ ન આવે અને કદાચ સોનગઢના સંત મળી જાય અને કહે કે તારા જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે. પાછો ફરી જાય. કે સાહેબ આ પર જણાતું નથી? કે ના બિલકુલ જણાતું નથી. પર જણાતું નથી તો જ્ઞાનનો નાશ થશે. કે અજ્ઞાનનો નાશ થશે. પર જણાય છે ત્યાં સુધી અજ્ઞાન છે. હું પરને જાણું છું, પરને જાણું એતો અસદ્‌ભૂત વ્યવહાર છે. અને આને અસદ્‌ભૂત વ્યવહારના પક્ષમાં લઇ ગયો. હજી જ્ઞાન આત્માને જાણે છે એમાંય આવતો નથી. અસદ્‌ભૂત એટલે ખોટું. અસદ્‌ભૂત એટલે સાચું નહીં. આહાહા!

ઝીણી વાત છે ઝવેરચંદભાઈ, જરા સૂક્ષ્મ છે. ઉપયોગ લક્ષણ છે. સમયે સમયે પ્રગટ થાય છે. અને એ લક્ષણ લક્ષ્યને પ્રસિદ્ધિ કરે છે. કેમકે લક્ષણ અને લક્ષ્ય તાદાત્મ્ય હોય. સાકર અને સાકરની ગળપણ, સાકર અહીંયા અને ગળપણ વહાં એમ હશે? એમ હોય નહીં. પણ એને ખ્યાલ નથી આવતો પોતાથી. એમાં સોનગઢના સંત મળ્યા કે તારા જ્ઞાનમાં જ્ઞાયક જ ણાય રહ્યો છે.

ખરેખર તને પર જણાતું નથી. કેમકે જ્ઞાન, જ્ઞાન પરની સન્મુખ થઇને થાય જ નહીં. શું કહ્યું? એ જ્ઞાન પ્રગટ થાય છે ને! ઉપયોગ. એ પરની સન્મુખ થઇને નથી થતું. કેમકે **'પરલક્ષ અભાવાત્'** પરના લક્ષે જ્ઞાનની ઉત્પત્તિ ત્રણકાળમાં ન થાય.

જ્ઞાન તો ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ છે. સમયે સમયે પ્રગટ થાય છે. એ સોનગઢના સંતે કહ્યું કે તને બાળ ગોપાળ સહુને ભગવાન આત્મા જણાય છે. પર્યાય જણાય છે એમ નહીં. પર્યાયમાં દ્રવ્ય જણાય છે. અને પર્યાયમાં દ્રવ્ય એકલું જણાય છે. એમાં એમ ન લીધું કે આ સામાન્ય અજ્ઞાની જીવો છે એને રાગાદિ ને દેહાદિ જણાય અને આત્મા પણ જણાય એવું સ્વપર પ્રકાશક છે એમ ન લીધું. એકલો આત્મા જ જણાય છે. બાળ ગોપાળ સહુને. એમ જ્યાં નક્કી કરવા

જાય, ત્યાં જે સામાન્ય ઉપયોગ છે, તે અતીન્દ્રિયજ્ઞાનમાં કનવર્ટ થઇને અનુભવમાં આવી જાય.

હવે કન્વર્ટ કરતાં તો આવડે છે. ઉપયોગનો અનુપયોગ કરે છે. ઉપયોગનું અજ્ઞાન કરી નાખે છે. જ્ઞાનનું અજ્ઞાનત્વ કરે છે. હવે જ્ઞાનનું જ્ઞાનત્વ કરે પલટાવીદે જાણનાર જણાય છે, જ્ઞાયક જણાય છે. કેમકે જ્ઞાનમાં જ્ઞાયક તન્મય છે. એ તન્મય ઉપર વજન છે. અને જે પરપદાર્થ છે એ પ્રતિભાષે છે. પણ પરપદાર્થ અને જ્ઞાન એક થતા નથી, એમાં તન્મય નથી થતા. તન્મય તો ન થાય, પણ પરની સન્મુખ થાય જ નહીં જ્ઞાન. પરની સન્મુખ થાય એને અમે જ્ઞાન કહેતા નથી. આ કબાટની સન્મુખ થઈને કબાટ ન જણાય. આત્માની સન્મુખ થઇને આત્મા પણ જણાય અને કબાટની સન્મુખ થયા વિના કબાટ જણાઈ જાય અંદર. લોકાલોક જણાઈ જાય. આ એવી જ્ઞાનની તાકાત છે.

તો એ જ્ઞાન ઉપયોગ પ્રગટ થાય છે. કાં તો મને પર જણાય છે, તો અતીન્દ્રિયજ્ઞાનને બદલે ઇન્દ્રિયજ્ઞાન પરની પ્રસિદ્ધિ કરવા ગયું. અને પરને જાણીને મોહ થયા વિના રહે જ નહીં. જાણેલાનું શ્રધ્ધાન થાય, થાય ને થાય જ.

એમાં પણ પાંચ ઇન્દ્રિય દ્વારા સ્થૂળ પદાર્થ, રૂપી પદાર્થ જણાય. આંખ દ્વારા દેહ જણાય તો દેહમાં આત્મબુધ્ધિ. અને મન દ્વારા રાગ જણાય તો રાગમાં આત્મબુધ્ધિ. આંખનો વિષય રાગ નથી. કાનનો વિષય રાગ નથી. સ્પર્શઇન્દ્રિયનો વિષય રાગ નથી. એ રાગને જાણનારું માનસિક જ્ઞાન છે. એ મનમાં રાગ જણાય છે, જે સમયે દુ:ખ જણાય છે, તો હું દુ:ખી. હું દુ:ખી થઈ ગયો, કેમકે ઇન્દ્રિયજ્ઞાન જેને જાણે એમાં આત્મબુધ્ધિ કર્યા વિના, ઇન્દ્રિયજ્ઞાન એકત્વ કરે છે અને અતીન્દ્રિયજ્ઞાન વિભક્ત કરી નાખે છે.

ભેદજ્ઞાન અતીન્દ્રિયજ્ઞાનથી થાય. આત્માનો અનુભવ અતીન્દ્રિયજ્ઞાનમાં થાય. ઇન્દ્રિયજ્ઞાનનો વિષય નથી આત્મા. ઇન્દ્રિયજ્ઞાનથી અગોચર છે આત્મા. મનથી પણ અગોચર છે. મનથી પણ પાર છે આત્મા. જ્ઞાનથી ગમ્ય છે આત્મા. ત્યારે અનાદિકાળથી હું પરને જાણું છું, એ મિથ્યાબુધ્ધિ પ્રગટ થાય છે. હવે પાછો ફર અને તારા જ્ઞાનમાં જ્ઞાયક જણાઈ રહ્યો છે, જાણનાર જણાય છે એ લ્યે. અજ્ઞાન ટળી જશે. સમય માત્રમાં જાત્યાંતર થઈ જશે.

શ્રીમદ રાજચંદ્રજીએ ફરમાવ્યું છે. જે જ્ઞાન, અનંતકાળથી જે જ્ઞાન, જ્ઞાન શબ્દ વાપર્યો. **‘અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું’.** ભવ એટલે દુ:ખ. દુ:ખનું હેતુ નામ કારણ. જે જ્ઞાન શબ્દ. અજ્ઞાન નહીં. રાગ નહીં. જે રાગ ભવહેતુ થતું હતું એમ ન લખ્યું. આહાહા! ગૂઢ, સમજીને લખ્યું, કે કોઇ વિચિક્ષણ હશે તો આમાંથી કાઢશે. એની બુધ્ધિ ઉપર છોડ્યું. સમજી ગયા? બધું પૂર્ણ ન કરાય. એ પણ પરીક્ષા કરે કે હું લખું છું એનો ઉકેલ કરનાર તો કોઈક ને કોઈક નીકળશે.

એવો એક બનાવ બન્યો. મારા પિતાશ્રી વાત કરતા હતા. કોઈ ગામડામાં મારો જન્મ - જુનાગઢ એ બાજુ મહાવીરપુરા. તો ત્યાં કોઈ દસ પંદર ગામ છે એમાં એક શેઠ. બહુ પૈસા. બહુ પૈસા. સોનું ચાંદી ચિક્કાર. કોઈ બાળ બચ્ચા નહીં. એકલો. એણે વિચાર કર્યો કે હવે આનું શું કરવું? વિચાર કર્યો કે કોઇ ભાગ્યશાળીના હાથમાં આ ધન જાય તો સારું. ભાગ્યશાળીને ગોતવો ક્યાં? અને જીવતા તો દેવું નથી કોઇને. જીવતા તો દાનેય કરવું નથી. સમજી ગયા? તો હવે કરવું શું? કે મર્યા પછી ભાગ્યશાળીના હાથમાં જાય તો ઠીક એવો વિચાર આવ્યો. એનો ઉપાય શું? એનો ઉપાય

શોધ્યો એણે.

એક બનાવ્યો પાળિયો. પાળિયો સમજયાને. સ્ટેચ્યુ. સ્ટેચ્યુ બનાવ્યું. અને એ હતું પોલું. એમાં બધું ભરી દીધું. એમાં બધું ભર્યું. આ બે જુદું પડે એવું બનાવ્યું હતું કે કાંઇ સાંધો દેખાય નહીં. અને એ સ્ટેચ્યુ એણે બહાર મૂક્યું. સમજી ગયા? પાદરમાં. પાદર સમજયાને? ગામની બહાર. રસ્તા ઉપર. બધા વાંચતાં જાય. નીચે લખ્યું 'માથું કાપે તે માલ કાઢે.' માથું કાપે તે માલ કાઢે. બધા વાંચતા જાય. અરે! આપણે માથું કાપીને માલ કાઢવાનું ક્યાં છે? આ તો મૂરખ છે. માથું કાપે પછી કદાચ એમાં પૈસા મળે તો એ શું કામનું? માટે આપણે માથું કાપવું નથી.

એમાં કોઈ વિચિક્ષણ ડાહ્યો નીકળ્યો કે કાંઈક મર્મ લાગે છે આમાં. ઓહોહો! માથું કાપે તે માલ કાઢે એ શું? હં... એને ખ્યાલ આવી ગયો અને જરાક કઈ કોઈ દેખે નહીં તેમ આજુબાજુમાં ટકોરો કર્યો. પોલું લાગે છે. જોઈશું કે. રાતના એક વાગ્યે ઘોડા પર આવ્યો. ઓલા નાખીને શું કહેવાય? ભરવાળની પાસે - કોથળા. એનું નામ હોય છે કાંઈક ખળિયા, ખળિયા. રાતના એક વાગે આવી અને એવો એક દસ્તો ઝીકયો અહીંયા, ધડ ઊડી ગયું. અને ધનનો ઢગલો બધો ભરીને વયો ગયો ઘેરે.

સવાર થયું, ૭ વાગે, ૮ વાગે, બધા આવતા ગયા. અરે! આ શું થયું? અરે આ તો પોલું હતું અને આમાં ધન હતું. કોક લઈ ગયો. માથું વાઢે તે માલ કાઢે. એ મર્મ એ હતું. કોક. પૈસા લઈ ગયો.

એમ આ માર્મિક વાત છે બધી. આ વાત. હું પરને જાણું છું એ સંસાર છે. હું પરને જાણતો નથી સંસાર બંધ થઈ જાય છે. અને પરને જાણતો નથી તો અજ્ઞાનનો નાશ થાય છે. જ્ઞાનનો નાશ થતો નથી. જ્ઞાન તો ઉદયમાં આવે છે નવું. આહાહા!

એમ આ અનંતકાળથી પરને જાણું છું ને પરને કરું છું. એક કર્તાબુદ્ધિ અને એક જ્ઞાતાબુદ્ધિ. બેય દોષ અનંતકાળથી છે. એમ શ્રીમદજીએ આ એક ગુઢ લખ્યું. માથું વાઢે તે માલ કાઢે. એમાં લખ્યું, કે અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું, રાગ ન લખ્યો, અજ્ઞાન ન લખ્યું, મિથ્યાત્વ ન લખ્યું. જ્ઞાન શબ્દ વાપર્યો. આ શું? સમજી ગયા?

એક બેને પ્રશ્ન કર્યો સોનગઢમાં, આ શું? મેં કહ્યું એ જ્ઞાન શબ્દ છેને એ ઇન્દ્રિયજ્ઞાન છે. એ જ્ઞાન નથી, ઇન્દ્રિયજ્ઞાન છે. ઇન્દ્રિયજ્ઞાન ભવહેતુ લખ્યું છે હોં! રાગ તો ભવહેતુ છે, પણ ઇન્દ્રિયજ્ઞાનને રાગની કક્ષામાં નાખ્યું. બેઉને અસદ્‌ભૂત વ્યવહારમાં નાખ્યું છે.

જેમ રાગ જૂના કર્મના ઉદયના સંગે થાય એટલે જૂના કર્મનું કાર્ય, બંધનું કાર્ય અને નવા બંધ થાય એનું કારણ. રાગ છે એ કાર્ય પણ છે અને કારણ પણ છે. નવો બંધ થાય એનું કારણ. નિમિત્ત કારણ. અને જૂનાકર્મના લક્ષે થાય માટે જૂનાનું એ કાર્ય કહેવાય.

એમ ઇન્દ્રિયજ્ઞાન બંધનું કાર્ય અને બંધનું કારણ સમકોટિનું છે. શાસ્ત્રજ્ઞાનને આત્મા માની વિદ્વાનો મરી જાય છે. આહાહા! શાસ્ત્રપાઠીને ખ્યાલ નથી આવતો કે ઇન્દ્રિયજ્ઞાન અજ્ઞાન છે. જ્ઞેય છે. ઇન્દ્રિયજ્ઞાન જ્ઞેય છે, જ્ઞાન નથી. હમણાં એકત્રીસ ગાથા ત્યાં ચાલી, ભાઈ, કિશોરભાઈ,. એમાં ઇન્દ્રિયજ્ઞાન, દ્રવ્યઇન્દ્રિય, (ભાવઇન્દ્રિય), ભાવઇન્દ્રિયના વિષય બધાય જ્ઞેયમાં નાખ્યું. એ ત્રણેય જ્ઞેયમાં છે. એ જ્ઞાન જ નથી.

પછી શ્રીમદજી ફરમાવે છે કે **અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને સમયમાત્રમાં જાત્યાંતર કર્યું**. જાતિ બદલી ગઈ. ઇન્દ્રિયજ્ઞાનમાંથી અતીઇન્દ્રિયજ્ઞાન થઈ ગયું. અજ્ઞાન ટળીને જ્ઞાન થઈ ગયું. **અને ભવ નિવૃત્તિ રૂપે થયું તે સમ્યગ્દર્શનને અમે નમસ્કાર કરીએ છીએ**. આહાહા! જેટલો ઠગાય છે જીવ શુભભાવથી, શુભભાવથી ધર્મ થાય (શુભભાવ) કરતાં કરતાં ધર્મ થાય, પુણ્ય કરીએ તો સુખી થવાય, પુણ્ય કરીએ તો મોક્ષ જવાય. આહાહા!

સામાન્ય જનતા શુભરાગમાં અટકી ગઈ, ધરમ માનવા માંડી અને વિદ્વાનો ઇન્દ્રિયજ્ઞાનને જ્ઞાન માનવા માંડ્યા. આહાહા! બે મોટી ભૂલ છે. માટે જે ઇન્દ્રિયજ્ઞાન છે તે પરાશ્રિત છે. પરની પ્રસિદ્ધિ કરે છે. સ્વને તિરોભૂત કરે છે. ઢાંકી દયે છે. આહાહા!

ઇન્દ્રિયજ્ઞાનમાં આત્માના દર્શન ન થાય. એટલે જેણે આત્માનું લક્ષ છોડ્યું છે અને રાગને પોતાનું માન્યું છે એવો જે જીવ, તે ભલે શ્રુતકેવળી હોય પાંચ મહાવ્રત પાળતો હોય નગ્ન (દિગંબર) હોય આહાહા! દ્રવ્યલિંગી મુનિ હોય, જંગલમાં રહેતો હોય, ગામમાં રહે જ નહીં. ગામમાં રહે તો મુનિ જ નથી. આહાહા! જંગલમાં જ રહે અને દિવસના તો ઊંઘે જ નહીં. પંચપરમેષ્ઠીમાં જે અમે મુનિને નમસ્કાર આપણે કરીએ છીએ તે મુનિ સાચા મુનિ હોં!. રાતના પાછલા પહોરે પોણી સેકંડની ઊંઘ. એક સેકંડની નહીં, એક મિનિટની ઊંઘ નહીં. એવા તો જેની ઊંઘ ઊડી ગઈ છે. જેને ઊંઘ (ઊડી ગઈ છે) એટલે પ્રમાદ વયો ગયો છે. પ્રમાદ નીકળી ગયો છે. જ્યાં કમાણી દેખાયને ત્યાં થાક ન દેખાય. કમાણી દેખાય ત્યાં થાક (ન દેખાય). આહાહા!

કાપડિયાંને બહુ ઘરાકી હોય ને જ્યારે એકદમ સીઝન મોટી ત્યારે એક વાગે, બે વાગે, ત્રણ વાગે ભૂખ જ ન લાગે એને. ત્યાં ઓલા બાળકો આવે, પપ્પા પપ્પા ઘડીયાળમાં બે વાગી ગયા, જમવા આવો. આજે મને ભૂખ લાગી નથી. કારણકે ઓલા પૈસા આવતા હોય ને? આહાહા! એમ ભાવલિંગી સંતને આનંદનું ભોજન કરે છે એમાં પ્રમાદ ઊડી ગયો છે એને. એને પ્રમાદ ઊડી ગયો છે. ઊંઘ નથી આવતી. ઊંઘ તો પાપ છે. ઊંઘના પરિણામ તો પાપ છે. આહાહા! એમાં ઉપયોગ લબ્ધરૂપ થઈ જાય છે. ઉપયોગ વ્યાપારરૂપ નથી રહેતો. દોષ થાય છે એમાં.

એટલે સાધક સંતો કહે છે કે ભાઈ! તારા જ્ઞાનમાં જ્ઞાયક જણાય છે. જાણનાર જણાય છે, જાણનાર જણાય છે. એક છ મહિના પ્રેક્ટિસ તો કર! આહાહા! તો તને આત્માનું જ્ઞાન થશે અને ભવનો અંત આવશે. અહીં એમ કહે છે. ભલે ગમે એટલા પાંચમહાવ્રત નીરઅતિચારપણે પાળે, દોષ આવે, અણાચાર નહીં. અતિચાર, દોષ આવે પ્રાયશ્ચિત લ્યે હોં! ગુરુ કહે ત્રણ ઉપવાસ. પ્રમાણ વચન. આહાહા! (ગુરુ કહે) ઊભા રહો ચોવીસ કલાક! ઊભો રહે. બેસે નહીં, ઊભા જ રહે. એવી તો જેની બાહ્ય ક્રિયા કર્તાબુદ્ધિપૂર્વકની, કર્તાબુદ્ધિ(પૂર્વકની). સહજદશા નહીં એની દ્રવ્યલિંગીની. ભાવલિંગીની બધી સહજદશા હોય. આવું આવું અનંતવાર એણે કર્યું. નવમી ગ્રૈવેય સુધી પણ ગયો. **'બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો. તોયે અરે ભવચક્રનો આંટો નહીં એકે ટળ્યો'.** આહાહા!

**'શ્રુતકેવળી જેવો હોય તો પણ જ્ઞાનમય ભાવના અભાવને લીધે,'** અસ્તિ-નાસ્તિ અનેકાંત કર્યું. અજ્ઞાનનો સદ્‌ભાવને જ્ઞાનનો અભાવ. આમથી પણ આમ ને આમથી પણ આમ.

આમ અજ્ઞાનનો સદ્ભાવ છે અને જ્ઞાનનો એને અભાવ છે માટે અજ્ઞાની છે. **આત્માને નથી જાણતો** પણ શાસ્ત્રને જાણે છે. નવતત્વને જાણે છે. છ દ્રવ્યને જાણે છે. ચૌદ ગુણસ્થાનને જાણે છે. ચૌદ માર્ગણા સ્થાનને જાણે છે. આઠ કર્મને જાણે છે. ઉત્તર પ્રકૃતિ,એકસો અડતાલીસ કર્મની પ્રકૃત્તિ, આમ મોઢે હોં! કડકડાટ બોલી જાય. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય, આયુ, નામ, ગોત્ર બધાય. એક એકના ભેદ આમ કડકડાટ બોલી જાય. ઓલો ગ્રહણ ન કરે ત્યાં તો એ પૂરું કરે. એટલી ઝડપથી .... ધારણાથી. આહાહા!

તમે કર્મને જાણ્યા, આઠ કર્મને, પણ આઠ કર્મથી જુદો આત્મા છે એને જાણ્યો નહીં. માટે અજ્ઞાન રહી ગયું. શ્રુતકેવળી જેવો ભલે હો. **આત્માને નથી જાણતો અને જે પોતાના શુદ્ધાત્માને નથી જાણતો**. પોતાના શુદ્ધાત્માને જે જાણતો નથી **અને જે આત્માને નથી જાણતો તે અનાત્માને પણ નથી જાણતો**. તે રાગ અનાત્મા છે, દેહ અનાત્મા છે એ મારાથી ભિન્ન છે એમ એને પરપણે જાણતો નથી. જે આત્માને સ્વપણે જાણતો નથી એ દેહાદિને પરપણે પણ જાણતો નથી. દેહાદિને પોતાપણે જાણે છે. પરપણે ક્યારે જાણે? કે સ્વપણે કોઈ વસ્તુ હાથમાં આવી હોય તો! સ્વપણે આત્મા જણાય જયારે કે હું તો જાણનાર તે હું છું. એમ દ્રષ્ટિમાં દ્રવ્યમાં આવ્યો આત્મા, ત્યારે રાગાદિ દેહાદિ કર્મ તે હું નથી, મારી વસ્તુ નથી. બહારની વસ્તુ છે.

આત્માને જાણ્યા વિના એ ખરેખર પરને પણ સમ્યક્ પ્રકારે જાણતો નથી. ભાષા બોલે છે કે પર છે. ભાષા. આહાહા! વાચાળ છે એ. આત્માને જાણતો નથી તે પરને પણ પરપણે જાણતો નથી. પરને સ્વપણે જાણે છે. પણ સ્વને સ્વપણે જાણે ત્યારે પરને પરપણે જાણે. ભેદજ્ઞાન થઈ ગયું.

એકવાર મુંબઇમાં એવો બનાવ બન્યો. એક ભાઈ બહારગામથી આવતા હતા. એડ્રેસ એની પાસે હતું. એ પહેલા વહેલા મુંબઇ આવ્યા દેશમાંથી. એમાં બોરીબંદર ઉતર્યા. ઉતરીને ચાર પાંચ આંટા માર્યા. એક ભાઈ મળ્યા, કે ભાઈ મારે આ ફલાણે ઠેકાણે જાવું છે. હા, મેં જોયું છે. ચાલો મારી સાથે. સમજી ગયા? ચાલીને એ ભાઇ લઇ ગયા. ઓલો ભાઈ રૂડો રૂપાળો કપડા આમ ઇસ્ત્રી ટાઇટ, શાહુકાર દેખાય. માઇલ, બે માઇલ, ત્રણ માઇલ થયા પછી પૂછ્યું. ભાઈ તમે કયાં રહો છો? એ મને ખબર નથી. ઓહો! તને તારા ઘરની ખબર નથી તો આ એડ્રેસને તો તું ક્યાંથી બતાવી શકીશ? એને મૂક્યો પડતો ને ટેક્સી કરીને ઘરે પહોંચી ગયો.

એમ જે આત્માને જાણતો નથી તે પુદ્ગલને પણ જાણતો નથી. અમે આ દેહને જૂદો જાણીએ છીએ. આ કબાટને જુદું જાણીએ છીએ. એમ? કબાટને પરપણે જાણશ? હા! તો સ્વપણે કોણ? એ મને ખબર નથી. તારું સ્વ શું? આ મકાન મારું છે, કૂટુંબ મારું. સમજી ગયા? બધી વસ્તુ મારી, પણ તારી વસ્તુ શું? તો એ મને ખબર નથી. એનું નામ ગાંડો અજ્ઞાની કહેવામાં આવે છે. ચોપડામાં ઉઘરાણી કહી દયે. પણ તું કોણ છો? એ વિના કામ નહિ ચાલે....

**'અનંતકાળ જીવ આથડયો વિના ભાન ભગવાન.' 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુ:ખ અનંત'.** એક લીટીમાં. પાર વગર રખડે છે. પોતાના સ્વરૂપને જાણતો નથી એ સંસારમાં રખડે છે. આહાહા! **અને જે આત્માને નથી જાણતો**, સ્વને જાણતો નથી, પોતાને જાણતો નથી **તે અનાત્માને** રાગ, કર્મ, શરીર અનાત્મા, બધું લોકાલોક અનાત્મા. પંચપરમેષ્ઠી પણ આ આત્મા નથી,

માટે એની અપેક્ષાએ એને અજીવ પણ કહેવામાં આવે છે, પર.

**કારણ કે** હવે એક મહાસિધ્ધાંત. આહાહા! એક જગતના જીવો, અનેકાંત શબ્દથી ઠગાયા. શબ્દથી, ભાવથી તો ભાન થઈ જાય. અનેકાંતનું રહસ્ય સમજે તો તો સમ્યગ્દ્રષ્ટિ થઈ જાય. આત્માનો અનુભવ થાય. પણ અનેકાંતને ભાવથી સમજતા નથી. અનેકાંતનું સ્વરૂપ અનેકાંત જ છે. આખું જૈનદર્શન અનેકાંત સ્વરૂપે રહેલું છે. પદાર્થનું સ્વરૂપ પણ અનેકાંતિક છે.

પણ અનેકાંતના બે પ્રકાર છે. એક અનેકાંત તો અનુભવ થયા પછી અનંત ગુણો, અનંત પર્યાયો અને અનંત અપેક્ષિત ધર્મો એવા આખા જ્ઞેયને પોતે જાણે યુગપદ. સર્વને જાણે તેને પ્રમાણજ્ઞાન કહેવાય. એ અનુભવ પછી પ્રગટ થાય. એવું અનેકાંત. એ અનેકાંત સ્વજ્ઞેયરૂપ છે. પ્રમાણજ્ઞાનથી જણાય બધું. એ પ્રમાણજ્ઞાન. પણ પ્રમાણજ્ઞાન કેમ પ્રગટ થાય? એ અનેકાંતથી પ્રગટ થાય. એ અનેકાંત એટલે શું? આમા લખેલું છે જુઓ.

**'સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા- એ બન્ને વડે એક વસ્તુનો નિશ્ચય થાય છે;'** મહા સિધ્ધાંત છે અનેકાંત. સ્વપણે છે અને પરપણે નથી. અસ્તિ-નાસ્તિ અનેકાંત. આ અસ્તિ અને નાસ્તિ. આત્મા જ્ઞાયકપણે છે અને રાગપણે નથી. શુધ્ધ છે અને અશુધ્ધ નથી. નિત્ય છે અને અનિત્ય નથી. એક છે અને અનેક નથી. એમ અંદરમાં ને અંદરમાં એક આહાહા! અનેકાંત એ ભેદજ્ઞાન પરખ છે. શબ્દ! અનેકાંત અસ્તિ-નાસ્તિ સ્વપણે છે અને પરપણે નથી. હવે એના બે પ્રકાર છે. એક જ્ઞાનપ્રધાન અનેકાંત અને એક દ્રષ્ટિપ્રધાન અનેકાંત. એને શાસ્ત્રીય ભાષાએ પ્રમાણ સપ્તભંગી અને નય સપ્તભંગી આપણને એની જરૂર નથી. એવા શબ્દની કાંઇ જરૂર નથી. ભાવનું કામ છે. બે પ્રકાર છે અનેકાંતના. એ અનેકાંતના બે પ્રકારમાં, એક સમયસારમાં છે અને એક પ્રવચનસારમાં. પ્રવચનસાર અને સમયસાર. એક પ્રવચનસારનું અનેકાંત અને એક સમયસારમાં અનેકાંત.

પ્રવચનસારના અનેકાંતમાં શું કહે છે? કે પોતાનું દ્રવ્ય, ગુણ, પર્યાય (પોતાના) દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એ સ્વ અને લોકાલોક પર. હવે એવું અસ્તિ-નાસ્તિ અનેકાંત જ્યારે જીવ જાણે, ત્યારે પરથી બિલકુલ જુદો પડી જાય. પછી આ મકાન મારું ને દીકરો મારો ને દેહ મારો એમ રહે નહીં. રાગ મારો રહી જાય. રાગ મારો. આહાહા! રાગ મારો, સુખ મારું એ રહી જાય. આ પ્રમાણનું જ્ઞાનપ્રધાન અનેકાંત.

બે દ્રવ્યની જુદાઈ બતાવનારું અનેકાંત પ્રવચનસારમાં છે. પરદ્રવ્યની સાથે મારે કાંઇ લેવાદેવા નથી. મારા દ્રવ્ય ગુણ અને પર્યાય મારામાં છે. હું એકલો સંસારમાં રખડું ને હું એકલો મોક્ષમાં જાઉં. રાગ કરું તો બંધાઉં ને વીતરાગ ભાવ આવે તો છૂટું. એકલું અંદરમાં ને અંદરમાં બધું આખું દ્રવ્ય, ગુણ, પર્યાય બધું અંદરમાં. એને બે દ્રવ્યની જુદાઇ કરનારું અનેકાંત. સ્વદ્રવ્યપણે છે અને પરદ્રવ્યપણે નથી. એમ સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા.

આ બે આંગળી છે ને? બે. બે આંગળી છે. હવે આ બે આંગળીમાં, આપણે આ આંગળી નક્કી કરવી છે તો આ આંગળી કેવી રીતે નક્કી થાય? આ આંગળીમાં આનો અભાવ. આ અસ્તિમાં આની નાસ્તિ. આની અસ્તિમાં આની નાસ્તિ. આ આંગળી છે. આ આંગળી મને દુ:ખે છે સાહેબ! કઈ આંગળી દુ:ખે છે? આનું ઓપરેશન કરવું છે. કેમકે આમાં આનો અભાવ છે. દુ:ખે છે આ. આનું

(બીજા આંગળીનું) ઓપરેશન નહીં કરતા. આનું કરજો. સમજી ગયા? એકમાં બીજાની નાસ્તિ એને અસ્તિ-નાસ્તિ અનેકાંત કહેવામાં આવે છે. એ જ્ઞાનપ્રધાન અનેકાંત છે. પરથી જુદું પાડી દે. પરથી તો એવું જુદું પાડે કે એને મિથ્યાત્વ ગળવા માંડે. ટળે નહીં હજી. એ સમયસારના અનેકાંતમાં આવે ત્યારે ટળે. પ્રવચનસારના અનેકાંતમાં પરથી જુદું પડે.

પછી અંદરમાં આવે છે. સમયસાર લખે છે જ્યારે, આચાર્ય ભગવાન કે મેં પરથી જુદું પાડનારું અસ્તિ-નાસ્તિ અનેકાંતની વાત તો પ્રવચનસારમાં કરી મેં. પણ હવે એક મારે અસ્તિ-નાસ્તિ અનેકાંત અંદરની વાત કરવી છે. તું અંદરમાં તો આવ્યો. પ્રમાણની બહાર રખડતો હતો એને બદલે પ્રમાણમાં તો, વર્તુળમાં તો આવ્યો. તારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં આવ્યો. પણ એમાં કાંઇ સાધ્યની સિદ્ધિ નથી. ત્યારે શું કરવું? હવે?

ત્યારે શરૂઆતમાં કહે છે **'હું એકત્વ વિભક્ત આત્માની વાત કહીશ'.** સ્વથી એકપણું ને પરથી જુદું એવી વાત હું કહીશ. અંદરમાં અસ્તિ-નાસ્તિ અનેકાંત. જો અનેકાંત દ્વારા પણ એક સમ્યક્ આત્માની પ્રાપ્તિ થાય છે. શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે.

**'અનેકાંતિક જ્ઞાન પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી'.** હવે અંદરમાં આવે છે ત્યારે શિષ્ય પૂછે છે. કે આપ કહો છો કે આત્માને હું એવો બતાવીશ એકત્વ – વિભકત. અનંતગુણથી એકપણું અને અનંત પર્યાયથી જુદાપણું એ સ્વરૂપ મને સમજાવો. ત્યારે આચાર્ય ભગવાન ફરમાવે છે કે આ જ્ઞાયક ભાવ છે તેમાં પ્રમત્ત અપ્રમત્તની નાસ્તિ છે. આની (જ્ઞાયક) અસ્તિમાં ઓની નાસ્તિ. જ્ઞાયકમાં જ્ઞાયક પણ છે અને રાગ પણ છે તો તો એકાંત થઇ ગયું. અનેકાંત ન થયું. અનેકાંત બે ભાવને અને બે દ્રવ્યને જુદું પાડે છે.

પ્રવચનસારનું અનેકાંત બે જુદા પાડે છે અને સમયસારનું અનેકાંત સ્વભાવ અને વિભાવને જુદા પાડે છે. પ્રમત્ત અપ્રમત્ત મારામાં નથી. નાસ્તિ છે. એટલે પર્યાયની અસ્તિ, પણ મારામાં નાસ્તિ એવી મારી અસ્તિ. એવો અનુભવ તેનું નામ મસ્તી છે.

આ સમયસારમાં દ્રવ્ય અને પર્યાયના ભેદજ્ઞાનની વાત ચાલે છે. પ્રવચનસારમાં બે દ્રવ્યની જુદાઈ બતાવે છે. અહીંયા એમ કહે છે. '**સ્વરૂપે સત્તા**' સ્વપણે છે આત્મા અને રાગાદિપણે (નથી). જીવ, જીવપણે છે અને અજીવપણે નથી. અજીવની નાસ્તિ. છ દ્રવ્યની નાસ્તિ. દેવ-શાસ્ત્ર-ગુરુની નાસ્તિ. નવતત્વની પણ નાસ્તિ. પુણ્ય-પાપની પણ નાસ્તિ. ન-થી. નથી એટલેકે નાસ્તિ. ન થતી. ન.. -નથી છે ને? ન.-થી, ન-થી ન-થી. ન અસ્તિ. નાસ્તિ. મારામાં એ છે નહીં. તો મારામાં જે નથી એને હું કેવી રીતે કરી શકું? રાગ તો મારામાં નાસ્તિપણે છે તો હું રાગને કેવી રીતે કરી શકું પ્રભુ! કે તું એનો કર્તા નથી કેમકે તારામાં એનો અભાવ છે. જેનો જેમાં અભાવ હોય એનો આત્મા કર્તા બની શકતો નથી. ઠીક સાહેબ! એટલું તો સમજાણું કે રાગની નાસ્તિ છે. રાગનો હું કર્તા નથી. પણ દુ:ખ થાય, એ તો હું વેદું છું ને?

સાંભળ! આત્મા સુખમય છે ને દુ:ખમય નથી. દુ:ખની તારામાં નાસ્તિ. (ક્યારે?) કે જ્યારે દુ:ખ થાય ત્યારે. જ્યારે દુ:ખ શિથિલ થાય ત્યારની વાત નથી આ. આ ભેદજ્ઞાનની વાત છે. આ જ્યાં ત્યાં મળે એમ નથી. અમારા વેવાઈના વેવાઈ છે. સમજી ગયા? આહાહા! અરે! આ તો સર્વજ્ઞ

ભગવાન સિવાય આ વાત કયાંય (પણ નથી). ક્યાંય માર્ગ નથી. બધા ગોથા ખાય છે. ખોટા રખડે છે સંસારમાં, આહાહા!

અસ્તિ-નાસ્તિ અનેકાંત. તમે અનેકાંતવાદી છો? હા અમે અનેકાંતવાદી. સર્વજ્ઞ ભગવાનનું વચન અનેકાંતમય છે. અનેકાંત એટલે શું? આત્મા આત્માપણે છે અને રાગપણે પણ છે અને દેહપણે છે, એ અનેકાંત છે? નહીં. એ અનેકાંત નથી. એ તો ખીચડો કર્યો તેં! ઘઉં ને કાંકરા જુદા ન પાડ્યા. ઘઉંમાં કાંકરાની નાસ્તિ છે. ઘઉંમાં કાંકરાની નાસ્તિ ત્યારે ઘઉંની અસ્તિ. અસ્તિ સિદ્ધ કરવા માટે નાસ્તિનો ઉપયોગ કરશો ત્યારે અસ્તિ હાથમાં આવશે. કેવળ જ્ઞાયક છું, જ્ઞાયક છું, જ્ઞાયક છું, નહીં હાથમાં આવે. કે જ્ઞાયક તો છું પણ મારામાં પુણ્યપાપની નાસ્તિ છે.

હવે જે તારા આત્મામાં શુભાશુભ ભાવ નથી, અને એનો ઉપદેશ આપે કે શુભભાવ તો કરવો જોઈએ, ને વ્યવહાર કરતાં કરતાં થાય, નહિતર સ્વચ્છંદી (થઈ જશે). કાંઇ ખબર નથી. અનેકાંતનું હથિયાર એ જાણતો નથી. બે પ્રકારના અનેકાંત. આહાહા!

એક, એક દ્રવ્યથી બીજા દ્રવ્યને જુદો પાડે. મિથ્યાત્વ ગળવા માંડે, મિથ્યાત્વ (ગળવા માંડે). બે દ્રવ્યની એકતા હતી ને દેહને આત્મા એક માનતો તો. અરે! દેહની મારામાં નાસ્તિ છે. હવે દેહની નાસ્તિ છે, દેહની નાસ્તિ છે તો પુત્રની પણ નાસ્તિ અને પુત્રવધૂની પણ નાસ્તિ. ભલે હોસ્પીટલમાં હોય તો પણ એની મારામાં નાસ્તિ છે. આહાહા! એવી મારી અસ્તિ છે.

તો પરપદાર્થથી એને મમતા ઘટવા માંડે છે કે મારું નથી. મારામાં નથી માટે મારી ચીજ (નથી). આહાહા! એમ અંદરમાં પછી આવે કે જ્ઞાનમય છું ને રાગમય નથી. એના માટે, ભેદજ્ઞાન માટે અનેકાંતમયનું એક દાખલો (દ્રષ્ટાંત) બહુ સરસ આપે છે. આચાર્ય ભગવાન. આહાહા! હજી તો રાગનું કર્તૃત્વ ભાષે છે તને પ્રભુ! આહાહા! એ જૈનમત્તનો ઉપદેશ નથી. આહાહા! જૈનના મતનો ઉપદેશ તો રાગાદિથી આત્મા ભિન્ન છે અને જ્ઞાનથી આત્મા અભિન્ન છે. એના માટે દ્રષ્ટાંત આપે છે અનેકાંત માટે.

કે એક આંધળો હતો જન્મથી આંધળો. તો ઘીનો ઘડો, ઘીનો ઘડો, ઘીનો ઘડો કાનથી સાંભળ્યા કર્યું. આંખ તો હતી જ નહીં. એટલે ઘીનો ઘડો કહે એ સાંભળવું પડે ને? એમ અજ્ઞાની જે કહે એ અજ્ઞાની સાંભળે. આત્મા રાગી છે આત્મા દુ:ખ ભોગવે છે. અને ઓલા આંધળા ને કહેનાર પણ આંધળા. એવા, બીજા શું કરે નવીન જીવ! વ્યવહારનો ઉપદેશ આપ્યા જ કરે.

પહેલા વ્યવહાર હોય. નિશ્ચય તો પછી ધીમે ધીમે આવે. આપણે ગૃહસ્થી છીએ. પહેલા તો આટલું કરવું (જોઈએ). આહાહા! આવે એને જાણું તે વ્યવહાર છે કે આવે એને કરું તે વ્યવહાર છે? પરિણામ આવે એને કરું તે વ્યવહાર નથી. એ તો અજ્ઞાન છે. એ આવે એનાથી ભિન્ન આત્મા છે. એમ જાણવું તેને વ્યવહાર કહેવામાં આવે છે.

અમારા ઉપર એક આફત આવી. ઘણાં વરસ પહેલાં હું વાંચતો હતો રાજકોટમાં. હવે અઠવાડિયામાં ત્રણવાર તો વાંચું છું. પહેલાતો, મુંબઇ ગયા પહેલાંતો રોજ ત્યાં વાંચતો હતો. એમાં એક આફત આવી. ભણેલા ગણેલા મોટા સમજી ગયા? ડિગ્રીવાળા માણસો કેટલાક હોય. એ તો ઘણાં આવે ને? ભાઈ! તમે નિશ્ચયની વાત તો બહુ સારી કરો છો. ભાઈ! તમે નિશ્ચયની વાત તો (બહુ

સારી કરો છો). પણ જો થોડી તમે આ વ્યવહારની વાત કરોને તો સોનામાં સુગંધ ભળી જાય. મેં કહ્યું જરૂર કાલથી હું વાત વ્યવહારની કરીશ. મનમાં કહ્યું કે તમે રાહ જોયા કરજો. તમે માંગો છો એ વ્યવહાર આવવાનો નથી. પણ એને ઊભો રાખ્યો. ખુશ થઇ ગયો એ તો બીજા દિવસે વહેલા આવી ગયા, પાંચ મિનિટ. આહાહા! આજે તો વ્યવહારની વાત આવવાની છે.

કહ્યું ભાઈ! શુભભાવ આવેને એનાથી આત્મા જુદો છે એમ જાણવું એનું નામ વ્યવહાર છે. શુભભાવ કરવો એનું નામ વ્યવહાર નથી. એ તો અજ્ઞાન દ્રઢ થઇ ગયું તારું.

આવો પ્રશ્ન ગુરુદેવને પૂછાણો હતો. સમજી ગયા? કરોડપતિ માણસ, વિરાણી, છોટુભાઈ વિરાણી. સાંજે સાંભળવા આવ્યા, પ્રશ્નોત્તર. કહે પ્રભુ! સાહેબ! પાપ તો અમારે કરવું નથી. કેમકે પાપ કરીએ નરક-નિગોદમાં જઈએ. તમે કહો છો કે આત્માનો અનુભવ કરતાં ધર્મની શરૂઆત થાય. ત્યાં સુધી પહોંચાતું નથી. હવે વચ્ચે રહ્યું પુણ્ય. તો પુણ્ય કરવું કે ન કરવું?

પુણ્ય કરવું કે પુણ્ય ન કરવું? એનો એવો સરસ જવાબ આપ્યો કે જ્યારે પુણ્યના પરિણામ આવે ને શુભભાવ, ત્યારે એનાથી આત્મા જુદો છે એમ વારંવાર વિચાર કરવો. પુણ્ય કરવું એ ન કહ્યું અને ન કરવું એમ પણ ન કહ્યું.

પુણ્ય કરવાનું છોડી દે એમ પણ નહીં અને પાપ છોડીને પુણ્ય કર એમ પણ નહીં. પુણ્યના પરિણામ આર્ય જીવ છે. દયા, દાન, કરુણા, કોમળતાના પરિણામ આવે. ભગવાનની ભક્તિનો ભાવ આવે, શુભભાવ આવે, યાત્રાનો ભાવ આવે. આવે, આવે, આવે, આવે તમે એના અગિયાર ભાગ (પ્રવચન રત્નાકર) વાંચ્યા કરજો. આવે આવે આવે આવે આવે એમ કહે છે. કરે, કરે કરે એમ ક્યાંય તમે ગોતવા જશો તો મળશે નહીં. અને અજ્ઞાની પાસે કરે, કરે, કરે એ જ આવે, આવે એ શબ્દમાં પણ (ન આવે). શબ્દમાં ન આવે તો ભાવમાં તો (નથી). કારણકે ભાવમાં પણ નથી માટે શબ્દમાં પણ આવતું નથી. આહાહા! લાઇન ફેર છે મોટી. આ આત્મા જ્ઞાતા છે, કર્તા નથી. પ્રભુ! જેમ અરિહંત ભગવાન દ્રવ્ય ગુણ પર્યાયથી જાણનાર છે એમ હું પણ જાણનાર છું. આહાહા!

આ અનેકાંત તો અમૃત છે કે આત્મા, આત્માપણે છે ને પરપણે નથી. આત્મા, આત્મા પણે છે અને રાગપણે નથી. **‘સ્વરૂપે સત્તા અને પરરૂપે અસતા.’** સિદ્ધાંત બોધ. ત્રણેકાળ ફરે નહીં અનેકાંત. આહાહા! સ્યાદ્વાદ. સ્વપણે છે ને પરપણે નથી.

**'-એ બન્ને વડે એક વસ્તુનો નિશ્ચય થાય છે...;’** આત્મા જ્ઞાનમય છે, રાગમય નથી. એના માટે દ્રષ્ટાંત એક આપ્યો આચાર્ય ભગવાને (**સમયસાર ગાથા ૬૭),** કે આંધળો હતો ને સાંભળતો હતો ઘીનો ઘડો. પછી એને કોઈએ કહ્યું કે "ઘીનો ઘડો", કાંઉસ કરી નાખ્યો. **'જે આ "ઘીનો ઘડો" છે તે માટીમય છે, ઘીમય નથી'**. હં! ઘીનો ઘડો કહો છો તમે. કે હા. પણ "ઘીનો ઘડો". "ઘીનો ઘડો છે" એમ અમે કયાં કહ્યું? "ઘીનો ઘડો" એમ કહ્યું. "છે" એ તો જરા આગળ લખ્યું મેં. "છે" સાથે જોડયું નથી. તો તો તું જેમ માનતો હો તેમ થઇ જશે. તો તને ટેકો મળશે. જયંતીભાઇ ! સમજાય છે કઇં આ? સમજાય છે ને આટલું? આહાહા! "ઘીનો ઘડો છે" એમ ન લખ્યું જ્ઞાનીએ. **"ઘીનો ઘડો"** આમ ઇનટૂ કોમા કરી નાખ્યું. **‘છે તે માટીમય છે, ઘીમય નથી.’**

એમ. એમ આનું દ્રષ્ટાંત. એમ. "આત્મા રાગી". "આત્મા રાગી". "(આત્મા) રાગી છે" એમ

નહીં. "આત્મા રાગી". પછી જરાક છોડી, **છે તે** આત્મા તો છે ને? આત્મા તો છે ને? **છે તે જ્ઞાનમય છે અને રાગમય નથી.** આહાહા! આ શું? કે ક્યારે? કે ત્રણેકાળ. ક્યારે? ત્રણેકાળ. આત્માનું સ્વરૂપ છે એવું.

પછી આગળ, દુ:ખની વાત કાંઇ કહો. કેમકે દુ:ખની વાત. દુ:ખ આમ અનુભવાય છે. આહાહા! અનુભવાય છે કે જણાય છે તને? અનુભવાય છે તો મિથ્યાદ્રષ્ટિ. જણાય છે તો જ્ઞાની. હવે આપણે એ વાત કરીએ. આ તે આમાં વ્યવહાર સ્વરૂપથી કે "દુ:ખી આત્મા". "દુ:ખી આત્મા" છે તે સુખમય છે અને દુ:ખમય નથી. ક્યારે? ત્રણે કાળે. હમણાં. હમણાં. સમજી ગયા?

એકવાર અમે ફરવા જતાં હતા. કાલે એ વાત કાઢી હતી તમે. સાત આઠ વર્ષ પહેલા એવી એક વાત કરી. મે કહ્યું, શુ કરી? તમે એમ કહ્યું કે કલ્યાણભાઈ! તમે ભૂતકાળમાં કોઈ દિ દુ:ખને ભોગવ્યું નથી. તમે તો સુખમય રહ્યા છો ભૂતકાળમાં. અત્યારે તમે સુખમય છો. અને ભવિષ્યમાં પણ સુખમય રહેવાના છો. બે ચાર-પાંચ ભવ ભલે હોય કદાચ પણ દુ:ખમય આત્મા થાય નહીં. એ તો ભ્રાંતિ થઈ ગઈ છે એને દુ:ખમય થવાની. એ તો જ્ઞાનમય અને ત્રણેકાળ સુખમય છે. એવા સુખમયનું અવલંબન લેતા પર્યાયના દુ:ખનો નાશ થઈ જશે. પર્યાયના દુ:ખમાં પર્યાયનું દુ:ખ નહીં રહે. સુખમય આત્માને એકવાર જૂવો અને પછી જૂવો બહાર નીકળીને. એ લા દુ:ખ ક્યાં ગયું? દુ:ખ અવસ્તુ થઈ ગયું. સમ્યગ્દર્શન થયું. મિથ્યાત્વ કયાં ગયું? અવસ્તુ થઈ ગઈ. આહાહા!

પણ એને અહીંયા વ્યવહાર એવો ગળે વળગ્યો છે કે જ્યારે આત્મામાં દુ:ખ થાય છે ત્યારે એનો સ્વીકાર કરીએ તો જ્ઞાન થાય. કે એનો સ્વીકાર એ અજ્ઞાન છે, જા. આત્મા સુખમય છે અને દુ:ખમય નથી. દુ:ખ હોય છે ત્યારે એની નાસ્તિ વિચારવી. એની અસ્તિ ન વિચારવી. અસ્તિ વિચારશો તો આત્મા દુ:ખમય જ લાગશે. આહાહા! નાસ્તિને તમે અસ્તિમાં ખતવશો, સમજાય છે કાંઇ? નાસ્તિ જે તમારામાં નથી, એને તમારા અસ્તિમાં સ્થાપો તો હું દુ:ખમય છું એમ તમને લાગશે. એ તો ભ્રાંતિ છે, અજ્ઞાન છે, મિથ્યાત્વ છે. છે સુખમય અને ભાશે છે દુ:ખમય.

હવે આગળ કે પ્રત્યેક જીવને જણાય છે જ્ઞાયક. પ્રત્યેક જીવને (જણાય છે જ્ઞાયક), ભવી હો કે અભવી. એકેન્દ્રિય, બેઈન્દ્રિય બધાને. જણાય છે જ્ઞાયક. સ્વજ્ઞેય જણાય છે અને ભાસે છે કે મને આ પરદ્રવ્ય જણાય છે. એ ભ્રાંતિ છે. એ ભ્રાંતિ છે. સંસાર છે. આ બધું સમયસારમાં છે હોં! મારા ઘરની વાત કહેતો નથી. આ તો કુદરતી કોઈ પિસ્તાળીસ વર્ષનો યોગ. ચોથો કાળ આવી ગયો. આહાહા! રીએકશન આવ્યું અને આ વાત શાસ્ત્રમાં હતી અને એ વાત અનુભવી પુરુષે બહાર મૂકી છે અને અગિયાર ભાગમાં (પ્રવચન રત્નાકર) અને એની ટેપોમાં, બધેય ભરેલું છે. આહાહા!

**'સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા.'** તમારો બંગલો અને આજુબાજુ બે બંગલા છે. તો તમારો બંગલો આ છે. આ હદ તમારી છે એમ ક્યારે સિધ્ધ થાય? એમ ક્યારે સિધ્ધ થાય કે બીજા બંગલાની મારામાં (નાસ્તિ છે). કે તમારો પણ બંગલો એ તમારો અને એ (બીજો) બંગલો પણ તમારો? એમ ન હોય. એની સીમા હોય તમારી. કે બસ્સો ફૂટ કે બસ્સો વાર એ તમારો બાકી બીજું મારું નહીં. મારામાં નાસ્તિ છે. ત્યારે એક પદાર્થની સિધ્ધિ થાય. વ્યવહારમાં પણ એમ છે. વ્યવહારમાં પણ. તો જ વ્યવહાર ચાલે. નહિતર વ્યવહાર ન ચાલે.

નિશ્ચયમાં તો વાત શું કરવી? આહાહા! હું જ્ઞાનમય છું ને રાગમય નથી. રાગની મારામાં નાસ્તિ છે. રાગ છે ખરો. દેહ છે ખરો. કર્મ થાય છે ખરા. છેની ના નથી. પણ એ મારામાં નથીપણે છે. મારામાં એ છે (નહીં). અસ્તિ-નાસ્તિ અનેકાંત સ્વપણે છે અને પરપણે નથી. ત્યાં ભેદજ્ઞાન થઇ, મિથ્યાત્વનો અભાવ થઈ અને આત્મભાન થઈ ને અનુભવ આત્માને થાય એવી અપૂર્વ વાત આમાં. **'સ્વરૂપે સત્તા અને પરરૂપે અસત્તા.'** મહાસિધ્ધાંત. એપ્લાઈ કરવું બધેથી. એપ્લાઈ,તો સમજી ગયાને? સિધ્ધાંતને ચારે બાજુ. બે ને બે ચાર તો બે ને બે ચાર એમ **'સ્વરૂપે સત્તા ને પરરૂપે અસત્તા'.**

હું આત્માપણે પણ છું અને દેહપણે પણ હું, એમ અનેકાંત હશે? આહાહા! એ તો એકાંત કર્યું. એકતા કરી એણે. મમતા કરી. આહાહા! પૈસા, લક્ષ્મી, સોનું, ચાંદી છે પણ મારાપણે નથી. અસ્તિપણે હું અને એ નથી. મારામાં એ નથી. એનામાં ભલેને એ હોય. પણ તો એ જે મારામાં નથી, નાસ્તિપણે છે, એને જાણતાં જાણતાં અસ્તિ કે'દી જણાશે? કોઈ કાળે નહીં જણાય. જે નથી એ મારા જ્ઞાનનું જ્ઞેય નથી. જે છે એ મારા જ્ઞાનનું જ્ઞેય છે. અંદર ઉપયોગને આત્મા જ્યારે જ્ઞેય બનાવે છે, જ્ઞેય બને છે ત્યારે આત્માનો અનુભવ થાય છે. ત્યારે એ વખતે પર કાંઇ જણાતું નથી. ત્યારે ખરેખર અસ્તિ-નાસ્તિ અનેકાંતનો જન્મ અનુભવના કાળમાં, અનુભવના કાળમાં થાય છે.

આવી અપૂર્વ વાત સમયસાર નિર્જરા અધિકારમાં છે.

સ્તુતિ.